માનનીય અધ્યક્ષશ્રી,
માનનીય નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ સાહેબ ગૃહ સમક્ષ જે પૂરક માંગણીઓ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને ઉદ્યોગ વિભાગની પૂરક માંગણી નંબર - 49 પર મારા વિચારો રજુ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી,
આજે દેશના વિકાસમાં ગુજરાતનું યોગદાન ઉત્તરોત્તર વધી રહ્યું છે અને દેશના ગ્રોથ એન્જીન તરીકે જાણીતું થયું છે. આપણા રાજ્યના વિકાસ માટે ઉદ્યોગ મહત્વનું પરિબળ છે. ઉદ્યોગ થકી જીવન જરૂરી ઉત્પાદનો તો મળે જ છે સાથે સાથે યુવા ધન માટે રોજગારીનું નિર્માણ પણ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી,
તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે વર્ષ 2003માં વાઇબ્રન્ટ ગુજરાત સમિટની શરૂઆત કરી હતી અને એને આગળ વધારતા રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબની સરકારે જાન્યુઆરી 2024માં 10મી ઐતિહાસિક વાઈબ્રન્ટ ગુજરાત સમિટ નું સફળ આયોજન કર્યું એ બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબને અને માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત સાહેબને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના દૂરદર્શી વિઝન અને માર્ગદર્શનથી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ અને માનનીય ઉધોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત સાહેબના નેતૃત્વમાં આજે ઔધોગિક વિકાસની કેડીને અકલ્પનીય વેગ મળ્યો છે. છેલ્લા 22 વર્ષોમાં ગુજરાતમાં MSME, Large, Mega અને Ultra Mega Industries સ્થાપિત થાય, રાજ્યમાં ઉધોગોનો સર્વાંગી વિકાસ થાય અને સ્પર્ધાત્મક યુગમાં ટકી શકે તે માટે સરકાર દ્વારા વિવિધ સહાય યોજનાઓ દ્વારા કેપિટલ સબસીડી, જમીનને લગતા પ્રોત્સાહન, વ્યાજ સહાય, પાવર ટેરિફ અને ઈલેક્ટ્રીસીટી ડ્યૂટીમાં પ્રોત્સાહન અને NET SGST રિએમ્બર્સમેન્ટ જેવા વિવિધ પ્રોત્સાહન આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી,

ગુજરાતની બિઝનેસ-ફ્રેન્ડલી નીતિઓ, વર્લ્ડકલાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અનઇન્ટરપ્ટેડ પાવર સપ્લાય, સ્કિલડ મેનપાવર, પ્રો-ઇન્ડસ્ટ્રી સરકારી નીતિઓ વગેરે જેવી માળખાગત સુવિધાઓના પરિણામે આજે આપણું રાજ્ય ભારતની અને વિશ્વભરની મોટી કંપનીઓ માટે ઇન્વેસ્ટમેન્ટ માટે પહેલું અને આદર્શ વિકલ્પ બન્યું છે. અને એટલે જ આપણા દેશના સન્માનનીય ઉધોગપતિ શ્રી રતન ટાટા જીએ ૨૦૧૩માં યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં કહ્યું હતું કે "જયારે ઉધોગ સ્થાપવાની વાત આવે ત્યારે ગુજરાત દેશમાં અન્ય રાજ્યોની સાપેક્ષ કરતા અલગ અને શ્રેષ્ઠ છે"

માનનીય અધ્યક્ષશ્રી,
માત્ર પરંપરાગત ઉત્પાદનો માટે જ નહિ પણ નેક્સ્ટ-જેન ઇન્ડસ્ટ્રી કહી શકાય એવા સૌર ઉર્જાને લગતા ઉદ્યોગો, સેમી કંડક્ટર ઉદ્યોગ, ટૉય મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગો માટે આપણું રાજ્ય આગવું તરી આવ્યું છે અને ગિફ્ટ સીટી થકી ગુજરાત વિશ્વનું FinTech હબ બની રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી,
સેમિકન્ડક્ટર પોલિસી, પ્રવાસન પોલિસી, Electric Vehicle પોલિસી, પોર્ટ પોલિસી, એગ્રો ઇન્ડસ્ટ્રી પોલિસી, IT પોલિસી, પાવર જનરેશન પોલિસી, ઇન્ડસ્ટ્રીઅલ પાર્ક્સ, લોજિસ્ટિક પાર્ક્સ, ટેક્સટાઇલ પાર્ક્સ, ફૂડ પાર્ક્સ, વગેરે જેવી ઇન્ડસ્ટ્રી સ્પેસિફિક ઔદ્યોગિક પોલિસીના કારણે ગુજરાત દેશનું 'ગ્રોથ એન્જિન' બન્યું છે. ગુજરાત સરકારનો હંમેશાથી પ્રયત્ન રહ્યો છે કે મહત્તમ વિદેશી મૂડીરોકાણ આપણા ગુજરાતમાં આવે જેથી દેશમાં આવતા વિદેશી હૂંડિયામણમાં પણ ગુજરાત અગ્રેસર રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી,
મને ખાતરી છે કે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબના નેતૃત્વ હેઠળ ગુજરાત આત્મનિર્ભર બની, વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારત બનાવવાનો મોદીજીનો સંકલ્પ પૂરો કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે, તેથી પૂરક માંગણી 49 જે હેતુ માટે લાવવામાં આવી છે તે સાર્વજનિક છે અને રાજ્યના વિકાસ માટે સુસંગત છે ત્યારે હું તેને આવકારું છું અને મારુ સમર્થન આપું છું.

તેમજ એક કવિતા કહીને મારી વાણીને વિરામ આપું છું...

**બિઝનેસ-ફ્રેન્ડલી નીતિઓ અને વર્લ્ડકલાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ,**
**વિશ્વભરના ઉદ્યોગપતિઓ માટે બન્યું ગુજરાત આકર્ષક રાજ્ય.**

**ટાટા થી માઇક્રોન સુધી, આવ્યા ઘણા મોટા નામ,**
**ગુજરાતની ધરતી પર, સ્થાપ્યા ઉદ્યોગોના ધામ.**

**ઉદ્યોગોના વિકાસ સાથે, ગુજરાતનો થયો જય-જયકાર,**
**નરેન્દ્ર અને ભુપેન્દ્રના નેતૃત્વમાં, ગુજરાતનું ગૌરવ અપરંપાર.**

ધન્યવાદ!

જય જય ગરવી ગુજરાત.

ભારત માતા કી જય.